# કચ્છ અને સૌરાષ્ટ્રમાં ધોધમાર વરસાદ

**જામનગર**-ભૂજના ગ્રામ્ય વિસ્તારમાં કમોસમી વરસાદ ખાબક્યો

**ખેતીમાં** ઊભા પાકને નુકસાનની આશંકા



રાજકોટ : હવામાન વિભાગની આગાહી મુજબ કચ્છ અને સૌરાષ્ટ્રમાં આજે અચાનક કમોસમી વરસાદ ખાબક્યો છે. ભુજ તાલુકાના ખાવડા પંથકમાં વાદળછાયા વાતાવરણ વચ્ચે કમોસમી વરસાદ પડતા ખાવડા, મિરઝાપર, સુખપર, માનકુવા સહિતના ગામોમાં તેમજ જામનગર જિલ્લાના લાલપુર તાલુકામાં ગાજવીજ સાથે કરા પડતા મોટી વેરાવળ અને આસપાસના વિસ્તારોમાં ધોધમાર વરસાદ પડ્યો છે.

લાલપુર પંથકમાં કરા સાથે પડેલા વરસાદને કારણે રસ્તાઓ પર સફેદ ચાદર પથરાઈ ગઈ હોય એવા દૃશ્યો સર્જાયા હતા. ખેડૂતોમાં પાકને નુકસાન થવાની ભીતિ સેવાઈ રહી છે. હવામાન વિભાગના ડાયરેક્ટર ડો. એ.કે. દાસે જણાવ્યું કે, 2 સાયક્લોનિક સર્ક્યુલેશન અને વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે રાજ્યમાં આગામી બે દિવસ કમોસમી વરસાદ સાથે 30થી 40 કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવાની આગાહી છે. જામનગરના લાલપુર પંથકમાં કરા સાથે વરસાદ

જામનગર જિલ્લાના વાતાવરણમાં આજે અચાનક પલટો આવ્યો છે. લાલપુર પંથકમાં ગાજવીજ અને કરા સાથે કમોસમી વરસાદ તૂટી પડતા ગ્રામ્ય જનજીવન પ્રભાવિત થયું છે. ખાસ કરીને મોટી વેરાવળ અને આસપાસના વિસ્તારોમાં ધોધમાર વરસાદને કારણે ખેતીના પાકને ભારે નુકસાન જવાની ભીતિ સેવાઈ રહી છે. કરા સાથે વરસાદથી લાલપુર પંથકના ગ્રામ્ય વિસ્તારોમાં અમુક જગ્યાએ વરસાદી ઝાપટા જોવા મળ્યા હતાં. લાલપુર તાલુકાના ગ્રામ્ય વિ સ્તારોમાં બપોર બાદ અચાનક આકાશમાં કાળાડિબાંગ વાદળો ચડી આવ્યા હતા અને જોતજોતામાં ભારે પવન સાથે વરસાદ શરૂ થયો હતો. અનેક સ્થળોએ વરસાદની સાથે કરા પણ પડ્યા હતા, જેનાથી રસ્તાઓ પર સફેદ ચાદર પથરાઈ ગઈ હોય એવા દૃશ્યો સર્જાયા હતા. મોટી વેરાવળ સહિતના પંથકમાં માવઠાને કારણે માર્ગો પર પાણી ફરી વળ્યા હતા.

### રાજ્યમાં તોફાની વરસાદની આગાહી, 3 સિસ્ટમ સક્રિય

હવામાન વિભાગના ડાયરેક્ટર ડો. એ. કે. દાસના જણાવ્યા અનુસાર, રાજ્યમાં ગાજવીજ, આંધી-તોફાન સાથે મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે. રાજ્યમાં આગામી બે દિવસ કમોસમી વરસાદની આગાહી કરવામાં આવી છે. 30-40 કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવાની આગાહી કરવામાં આવી છે. 2 સાયક્લોનિક સર્ક્યુલેશન, વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ, વરસાદી ટ્રફ સક્રિય થતાં રાજ્યમાં કમોસમી વરસાદની આગાહી કરવામાં આવી છે. અમદાવાદમાં વાદળછાયું વાતાવરણ રહેવાની આગાહી કરવામાં આવી છે. છેલ્લા 24 કલાકમાં અમદાવાદમાં 37 ડિગ્રી સેલ્સિયસ મહત્તમ તાપમાન નોંધાયું હતું. આગામી બે દિવસ તાપમાનમાં 2-3 ડિગ્રી ઘટવાની આગાહી કરવામાં આવી છે.

### મેમાં કાળઝાળ ગરમી સાથે વાવાઝોડાની શક્યતા

ગરમીની વાત કરીએ તો, અત્યારે ખાસ ગરમી પડતી નથી, પરંતુ 20 એપ્રિલથી ગરમી પડવાની શરૂઆત થશે. 26 એપ્રિલ બાદ મહત્તમ તાપમાન 43 ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી શકે છે અને મેમાં તાપમાન 44 ડિગ્રી સુધી જઈ શકે છે. આ સાથે જ અરબ સાગરમાં હલચલ જોવા મળશે અને એક સિવિયર સાયક્લોન (ભારે વાવાઝોડા)ની શક્યતા રહેશે. જો તેનો માર્ગ ઓમાન તરફ હશે તો ગુજરાતમાં તેની અસર ઓછી રહેશે, પરંતુ બંગાળની ખાડીમાં પણ ભારે ચક્રવાતો થવાની શક્યતા નકારી શકાય નહીં.

# સુરતનો મયૂર સાવલિયા દુબઇમાં બેસી ઠગાઇનું નેટવર્ક ચલાવે છે

**મયૂર** અગાઉ કંબોડિયા અને લાઓસમાં ચાઇનીઝ ગેંગ સાથે કામ કરી ચૂક્યો છે

**અમદાવાદમાંથી** ક્રિપ્ટો રોકાણના નામે છેતરપિંડી કરતી ગેંગના 6 આરોપી ઝડપાયા

અમદાવાદ : અમદાવાદના સાબરમતી વિસ્તારમાં ક્રિપ્ટોકરન્સીમાં ઊંચું વળતર આપવાની લાલચ આપી અંદાજે 58 લાખ રૂપિયાની છેતરપિંડી આચરનાર આંતરરાષ્ટ્રીય ગેંગના 6 આરોપીઓની અમદાવાદ શહેર સાયબર ક્રાઇમ બ્રાંચે ધરપકડ કરી છે, જ્યારે આ સમગ્ર રેકેટનો મુખ્ય સૂત્રધાર હજુ ફરાર છે અને વિદેશમાંથી ઓપરેશન ચલાવી રહ્યો હોવાનું સામે આવ્યું છે.

શહેર ક્રાઈમ બ્રાંચના હાથે પકડાયેલા આરોપીઓમાં તાહીર ફૈઝમોહમદ બેલીમ (ઉ.વ. 42), અદનાન લિયાકત શેખ (ઉ.વ. 28 રહે, અમદાવાદ), એઝાઝ જીલાની શેખ (ઉ.વ. 34 રહે, અમદાવાદ), ઓમકારભારતી મહેશભારતી ગોસ્વામી (ઉ.વ. 28 મૂળ રહે, કતારગામ સુરત), મકસૂદ રફીક મિર્ઝા (ઉ.વ. 39 રહે, અમદાવાદ) અને સની અશોકકુમાર મગ્ગો (ઉ.વ. 38 રહે, દિલ્હી)ની ધરપકડ કરી હતી. આ તમામ આરોપીઓ ડમી કંપનીના ડિરેક્ટર, બેંક ખાતા ખોલાવનારા અને ઓફિસની વ્યવસ્થા કરનારા તરીકે કામ કરતા હતા.

શહેર ક્રાઈમ બ્રાંચના સૂત્રોના જણાવ્યા પ્રમાણે નવેમ્બરથી ફેબ્રુઆરી દરમિયાન ઠગ ટોળકીએ ફેસબુક મારફતે ફરિયાદી સાથે સંપર્ક સાધી મિત્રતા કેળવી હતી અને વિશ્વાસ જીત્યો હતો. ત્યારબાદ તેમને ક્રિપ્ટોકરન્સીમાં રોકાણ કરીને વધુ નફો કમાવવાની લાલચ આપી 'CBOE US' નામની એપ્લિકેશન ડાઉનલોડ કરાવી, આરોપીઓએ 'ક્રિસ્ટલ ઈન્ટીરિયર ડિઝાઇનર પ્રાઇવેટ લિમિટેડ' નામની ડમી કંપની ઉભી કરી તેના વિવિધ બેંક ખાતાઓમાં ફરિયાદી પાસેથી કુલ રૂ.57.90 લાખ ટ્રાન્સફર કરાવ્યા હતા.

ક્રાઈમ બ્રાંચની તપાસમાં આ ગેંગના કનેક્શન દુબઈ અને કંબોડિયામાં આવેલી ચાઈનીઝ ગેંગ સાથે જોડાયેલા છે. સમગ્ર નેટવર્કનો સૂત્રધાર મૂળ સુરતનો મયુર સાવલિયા હોવાનું બહાર આવ્યું છે, જે છેલ્લા ત્રણથી ચાર વર્ષથી વિદેશમાં ખાસ કરીને દુબઈમાં રહી આ ગેરકાયદેસર પ્રવૃત્તિ ચલાવી રહ્યો છે. તે અગાઉ લાઓસ અને કંબોડિયામાં કોલ સેન્ટરોમાં કામ કરી ચૂક્યો છે અને હાલ દુબઈમાંથી સમગ્ર ગેંગને માર્ગદર્શન આપતો હતો.

આ ગેંગ ભારતના વિવિધ લોકોના નામે ડમી બેંક એકાઉન્ટ ખોલાવતી હતી અને એકાઉન્ટ હોલ્ડર્સને દિલ્હી ખાતે હોટેલોમાં રાખવામાં આવતા હતા. ટ્રાન્ઝેક્શન થતાં જ તેમને 5થી 10 ટકા કમિશન આપવામાં આવતું હતું. બેંક ખાતાની તમામ વિગતો દુબઈમાં બેઠેલા સૂત્રધારને મોકલવામાં આવતી હતી, જે ત્યાંથી સમગ્ર નાણાકીય વ્યવહાર સંભાળતો હતો.

તપાસ દરમ્યાન ડમી કંપનીઓના ખાતાઓમાં કુલ 3 કરોડ રૂપિયાથી વધુના ટ્રાન્ઝેક્શન નોંધાયા છે, જેમાં માત્ર એક જ ખાતામાં 93 લાખ રૂપિયાનો વ્યવહાર થયો હતો. દેશભરના અલગ-અલગ વિસ્તારોમાં આ ચાર બેંક ખાતાઓ સામે કુલ 41 જેટલી સાયબર ફ્રોડની ફરિયાદો નોંધાઈ ચૂકી છે. વધુમાં, જે ફેસબુક આઈડી દ્વારા ફરિયાદીને ફસાવવામાં આવ્યો હતો તે પણ કંબોડિયાથી સંચાલિત થતો હતો.

શહેર ક્રાઇમ બ્રાંચએ ફરાર સૂત્રધાર મયુર સાવલિયા સહિત અન્ય સંડોવાયેલા શખ્સોને પકડવા માટે તપાસ આગળ હાથ ધરી છે. આ ગેંગ દ્વારા અન્ય કેટલા લોકોના બેંક ખાતાનો દુરુપયોગ કર્યો છે તેની વિગતો પણ એકત્રિત કરી રહી છે.

# ભાવનગરમાં મંગેતરની સામે જ યુવકને છરીના ઘા મરાયા

**રાતના** વાત કરવા નીકળેલાં યુવક-યુવતીને બે બુકાનીધારીએ ટાર્ગેટ કર્યા



રાજકોટ : ભાવનગરના ઈસ્કોન કલબથી આગળ વિક્ટોરીયા પાર્કની પાછળના ભાગે 1 એપ્રિલની મોડીરાતે લૂંટની ઘટના સામે આવી છે. શહેરના કાળીયાબીડ વિસ્તારમાં શક્તિ માઁના મંદિર પાસે રહેતો મનદિપસિંહ દિલીપસિંહ યાદવ (ઉં.વ 25) ગતરાત્રે 11 વાગ્યાના અરસામાં તેની મંગેતર દિશા ડાભી સાથે બાઈક ઉપર આંટો મારવા માટે નીકળ્યો હતો. તે વેળાએ શહેરના વિક્ટોરીયા પાર્કની પાછળના ભાગે ઈસ્કોન કલબથી સાગવાડી જવાના માર્ગ પર વળાંકમાં બન્ને બાઈક પાર્ક કરીને વાતો કરી રહ્યાં હતાં. આ સમયે બાઇકમાં સવાર બે શખસે આવી યુવકને છરી બતાવી તમામ સામાન આપી દેવાનું કહ્યું હતું. આ સમયે હાથાપાઈ થતાં તસ્કરોએ મનદિપસિંહને છરીના બે ઘા મારી ગંભીર ઈજા પહોંચાડી તેનું પાકીટ તેમજ દિશાબેનનું પર્સ અને મોબાઈલ મળી અંદાજિત 8થી 10 હજાર રોકડની લૂંટ ચલાવી નાસી છૂટ્યા હતાં. દરમિયાન ઈજાગ્રસ્ત મનદિપસિંહને ગંભીર હાલતમાં ભાવનગર સર. ટી. હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. જ્યારે ઘટનાની જાણ થતા લોકલ ક્રાઈમ બ્રાંચ, એસઓજી અને નિલમબાગ પોલીસનો સ્ટાફ હોસ્પિટલ દોડી ગયો હતો. પોલીસે ઈજાગ્રસ્ત યુવક અને યુવતીની પૂછપરછ બાદ હુમલાખોર શખસોને ઝડપી પાડવા કવાયત્ હાથ ધરી છે. આ બનાવ અંગે ઘટનાસ્થળેથી ઈજાગ્રસ્ત યુવકની મંગેતર દિશાબેન અશોકભાઈ ડાભીએ જણાવ્યું હતું કે, મારા ફિયાન્સે કહ્યું કે આપણે વાત કરીને પછી અહીંથી આમ નીકળી જઈશું. અમે અહીં બરાબર બાઈક મૂકી અને ચાલતા-ચાલતા વાતોચીત કરતા હતા, ત્યાં બે જણા આવ્યા હતાં. તેઓએ મોઢે બ્લેક રૂમાલ બાંધેલો હતો અને હાથમાં છરી હતી. એ લોકોએ ફટાફટ આવીને કહ્યું કે, જેટલા પૈસા હોય એટલા કાઢીને દઈ દે. મારા ફિયાન્સે કીધું, હા, હું આપું છું, ખમ બે મિનિટ, આપું છું. એ બે મિનિટમાં હાથાપાઈ ચાલુ થઈ ગઈ. એ કાઢીને આપતા હતા, ત્યાં સુધીમાં હાથાપાઈ ચાલુ થઈ ગઈ અને મારા ફિયાન્સે ધક્કો મારી દીધો. મેં વીડિયો ચાલુ કર્યો અને કીધું ને કે વીડિયો ચાલુ કરું છું, વીડિયો ચાલુ કરું છું, ત્યાં મારા ફિયાન્સને છરી મારીને એનું વોલેટ લઈ ગયાં. મારું પર્સ પણ લઈ ગયા અને મોબાઈલ લઈ ગયા. અંદાજિત 8થી 10 હજાર જેવું હતું, તે લઈને ભાગી ગયા.

# વાંસદામાં ફરી ભૂકંપ, લોકો ઘરની બહાર દોડી આવ્યા

**મળસકે** આવેલા ભૂકંપની ડેપ્થ ૩.૧ અને તીવ્રતા ૩.૪

**ભૂકંપનું** એપી સેન્ટર મહારાષ્ટ્રના ગલબારી ગામ નજીક

**જૂજ** ડેમ પટ્ટાનાં ગામોમાં ભૂકંપની વધુ અસર

વાંસદાઃ વાંસદા તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં ફરી ભૂકંપના આચકાઓ અનુભવાયા, ભૂકંપનું એપીસેન્ટર ૨૦.૬૨૮૦ લેટીટ્યુડ અને ૭૩.૫૧૭૦ લોંગીટ્યુડ અને જે મહારાષ્ટ્ર ગલબારી ગામ નજીક હોવાનું જાણવા મળ્યું હતું. ભૂકંપની ડેપ્થ ૩.૧ અને તીવ્રતા ૩.૪ જેટલી હોવાનું જાણવા મળ્યું હતું.

વાંસદા તાલુકાના ગામડાઓમાં તા. ૨ એપ્રિલ ૨૦૨૬ના રોજ વહેલી ૫:૨૭ કલાકે અને ત્યારબાદ ત્રણ કલાક બાદ ૮:૩૪ વાગ્યે નાનીભમતી, ખાંભલા, ગંગપુર, ધરમપુરી સહિત ગ્રામ્ય વિસ્તારમાં લોકોએ ભૂકંપના આંચકા અનુભવાયા હોવાનું જાણવા મળ્યું હતું. સરકારી એક વેબસાઈટના આધારે ભૂકંપનું એપીસેન્ટર ૨૦.૬૨૮૦ લેટીટ્યુડ અને ૭૩.૫૧૭૦ લોંગીટ્યુડ અને તે મહારાષ્ટ્ર રાજ્યના ગલબારી ગામ નજીક હોવાનું જાણવા મળ્યું હતું. ભૂકંપની ડેપ્થ ૩.૧ અને તીવ્રતા ૩.૪ જેટલી હોવાનું જાણવા મળ્યું હતું. વાંસદાથી મહારાષ્ટ્ર બોર્ડર આશરે ૧૪ કિ.મી. જેટલી હોવાથી ભૂકંપના આંચકા વાંસદા સહિત આજુબાજુના ગ્રામ્ય વિસ્તારમાં લોકોને અનુભવાયા હતા. વહેલી સવારે ૫:૨૭ વાગ્યાના અરસામાં અચાનક ધરા ધ્રૂજતા કેટલાક લોકો ઊંઘમાંથી જાગી જઈ ગભરાઈને ઘરની બહાર દોડી ગયા હતા. જેમાં વાંસદાથી ૫ કિ.મી અંતરે આવેલ જૂજ ડેમ પટ્ટાના ગામોમાં ભૂકંપના આંચકાની વધુ અસર થતાં ઘરમાં મૂકેલા વાસણો-બારીઓ ખખડી ઉઠ્યા હતા. ડેમ વિસ્તાર હોવાના કારણે છેલ્લા કેટલાક સમયથી ભૂસ્તરીય હલચલમાં વધારો નોંધાઈ રહ્યો છે અને જેના કારણે અવારનવાર ભૂકંપના આંચકાઓ આવી રહ્યા હોવાની લોકોમાં ચર્ચાએ જોર પકડ્યું હતું.

## ટેમ્પો છોડાવવા નકલી દસ્તાવેજ મૂકનાર 3ને 3 વર્ષની સખત કેદ

નવસારીઃ કોર્ટને ખોટા દસ્તાવેજોથી ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કરનારાઓ માટે નવસારી અદાલતે કડક સંદેશ આપ્યો છે. બનાવટી સહી-સિક્કા સાથે દસ્તાવેજ તૈયાર કરી જપ્ત કરાયેલા ટેમ્પો છોડાવવાનો કાવતરું ગૂંથનાર ત્રણ આરોપીને અદાલતે ત્રણ-ત્રણ વર્ષની સખત કેદ અને દંડની સજા ફટકારી છે. આ ચુકાદા સાથે દસ્તાવેજી છેતરપિંડી સામે કાયદાની કડકાઈ સ્પષ્ટ થઈ છે. આ સમગ્ર કિસ્સો વર્ષ 2011નો છે, જ્યારે નવસારી રૂરલ પોલીસે પ્રોહિબિશનના ગુનામાં એક ટેમ્પો જપ્ત કર્યો હતો. બાદમાં આ ટેમ્પો છોડાવવા માટે મુખ્ય આરોપી તેજારામ ચૌધરીએ અદાલતમાં અરજી કરી હતી. પોતાની અરજીને મજબૂત બનાવવા માટે જામીનદાર તરીકે શંકરભાઈ પટેલને રજૂ કરવામાં આવ્યા અને વલસાડ મામલતદાર કચેરીનો હોવાનું બતાવતો 'દારપણું'નો દસ્તાવેજ કોર્ટમાં મૂકાયો. પરંતુ અદાલતની તીક્ષ્ણ નજરે આ કાગળો પર શંકા વ્યક્ત કરી અને તપાસ શરૂ કરાવવામાં આવી. તપાસમાં બહાર આવ્યું કે આ દસ્તાવેજ સંપૂર્ણપણે બનાવટી હતો. મામલતદાર કચેરીએ આવો કોઈ દાખલો આપ્યો જ નહોતો.

# રાજ્યમાં ૪૮ કલાક માટે વરસાદનું યલો એલર્ટ

**ગરમી** વચ્ચે વરસાદી પલટો આવવાની ભીતિ

**અમદાવાદ**-ગાંધીનગર સૌથી ગરમ

અમદાવાદ : ગુજરાતમાં હાલ અસમંજસભર્યું હવામાન જોવા મળી રહ્યું છે, જ્યાં એક તરફ કાળઝાળ ગરમીનો પ્રકોપ વધતો જાય છે તો બીજી તરફ વરસાદી પરિસ્થિતિ સર્જાતા રાજ્યમાં ડબલ સીઝનનો અનુભવ થઈ રહ્યો છે. રાજ્યના મોટા ભાગના શહેરોમાં તાપમાન ૩૫ ડિગ્રીને પાર પહોંચી ગયું છે, જેમાં અમદાવાદ અને ગાંધીનગર ૩૭ ડિગ્રી સેલ્સિયસ સાથે સૌથી ગરમ શહેરો તરીકે નોંધાયા છે.

હવામાન વિભાગના જણાવ્યા મુજબ હાલ ગરમીની અસર સ્પષ્ટ જોવા મળી રહી છે. અન્ય શહેરોમાં સુરેન્દ્રનગર, વડોદરા અને વલ્લભ વિદ્યાનગરમાં ૩૬ ડિગ્રી તાપમાન નોંધાયું છે, જ્યારે રાજકોટ, અમરેલી, ડીસા અને સુરતમાં ૩૫ ડિગ્રી આસપાસ પારો રહ્યો હતો. ભુજ, ભાવનગર અને કંડલામાં તાપમાન લગભગ ૩૩ ડિગ્રી નોંધાયું હતું.આ વરસાદી પરિસ્થિતિને કારણે ખેતીના પાકને નુકસાન થવાની ભીતિ વ્યક્ત કરવામાં આવી રહી છે. હવામાન વિભાગે ખેડૂતો અને માછીમારોને ખાસ સાવચેત રહેવા સૂચના આપી છે. રાજ્યમાં આગામી દિવસોમાં હવામાનમાં સતત ફેરફાર જોવા મળી શકે છે, જેથી લોકો માટે સતર્ક રહેવું જરૂરી બન્યું છે.

હવામાન વિભાગે આગાહી કરી છે કે આગામી ૨૪ કલાક દરમિયાન મહત્તમ તાપમાનમાં ૨ થી ૩ ડિગ્રી સુધીનો ઘટાડો થઈ શકે છે, જેના કારણે લોકોને ગરમીમાંથી આંશિક રાહત મળશે. જોકે, આ સાથે જ રાજ્યમાં વરસાદી માહોલ સક્રિય બનવાની શક્યતા હોવાથી ગાજવીજ અને તેજ પવન સાથે વરસાદ વરસી શકે છે. હવામાનમાં આ પલટો મુખ્યત્વે પશ્ચિમ વિક્ષેપ અને સાયક્લોનિક સર્ક્યુલેશનની અસરને કારણે જોવા મળી રહ્યો છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને હવામાન વિભાગે રાજ્યના અનેક જિલ્લાઓ માટે આગામી ૪૮ કલાક માટે 'યલ્લો એલર્ટ' જાહેર કર્યું છે.તા.૩ એપ્રિલ (શુક્રવાર)ના રોજ ઉત્તર ગુજરાતના બનાસકાંઠા, સાબરકાંઠા, પાટણ અને દાહોદ સહિત દક્ષિણ ગુજરાતના વડોદરા, ભરૂચ, સુરત, નર્મદા, તાપી, ડાંગ, નવસારી અને વલસાડ તેમજ સૌરાષ્ટ્ર-કચ્છના રાજકોટ, જામનગર, પોરબંદર, જૂનાગઢ, અમરેલી, ભાવનગર, દ્વારકા અને કચ્છ જિલ્લામાં ૪૦ થી ૫૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે.તા.૪ એપ્રિલ (શનિવાર) ના રોજ પણ ઉત્તર ગુજરાતના બનાસકાંઠા અને સાબરકાંઠા તેમજ સૌરાષ્ટ્રના દરિયાકાંઠાના વિસ્તારો જેમ કે પોરબંદર, જૂનાગઢ, અમરેલી અને ગીર સોમનાથ જિલ્લામાં ૩૦ થી ૪૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન સાથે હળવો વરસાદ વરસી શકે છે.

# અરવિંદ કેજરીવાલે મુખ્યમંત્રીનો સમય માંગ્યો

**આપના** 160 કાર્યકર્તાને જેલમાં ધકેલી દીધા હોવા અંગે લખેલા પત્રથી રાજનીતિમાં ગરમાટો

ગાંધીનગર : આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલ ગુજરાતના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલને રૂબરુ મળીને આમ આદમી પાર્ટીના 160 કાર્યકર્તાઓને જેલમાં ઠોંસી દીધા હોવા અંગે રજૂઆત કરવા માંગે છે. આ પત્રને લઈ રાજ્યની રાજનીતિ ગરમાઈ છે. આપ દ્વારા ભાજપ સરકાર અને પોલીસ તંત્ર પર ગંભીર આક્ષેપો કરવામાં આવ્યા છે.

અરવિંદ કેજરીવાલને એવી હકીકત મળી છે કે ગુજરાત વિધાનસભાની ચૂંટણી પહેલા રાજ્યની ભાજપ સરકાર આમ આદમી પાર્ટીના નાના મોટા 10,000 કાર્યકરો પર યેનકેન પ્રકારે એફઆરઆઈ કરી જેલમાં પૂરવા માંગે છે. ગુજરાતમાં દિન પ્રતિદિન આમ આદમી પાર્ટીની વધતી જતી લોકપ્રિયતાથી ડરી જઈને ભાજપની સરકાર આમ આદમી પાર્ટીના કાર્યકરોથી જેલભરો આંદોલન કરી રહી છે.

આપના સૂત્રોએ જણાવ્યું હતુ કે અરવિંદ કેજરીવાલએ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને લખેલા પત્રમાં આ મુદ્દાઓ ઉઠાવ્યા છે અને જણાવ્યું છે કે આવી રાજનીતિ દેશની લોકશાહી, ભવિષ્ય અને આવતી પેઢી માટે હાનિકારક સાબિત થઈ શકે છે. કોઈપણ રાજકીય પક્ષને પોતાનો અવાજ ઉઠાવવાનો અને પોતાની વાત રજૂ કરવાનો અધિકાર છે. જો સત્તાનો દુરુપયોગ કરીને અને પોલીસ તંત્રનો ઉપયોગ કરીને વિરોધ પક્ષને દબાવવામાં આવશે, તો જનતાનો અવાજ દબાઈ જશે. જો આવું ચાલશે તો સાચી વાત સરકાર સુધી કેવી રીતે પહોંચશે અને જનતા માટે અવાજ કોણ બનશે?

ગુજરાતમાં હાલ જે રીતે રાજકારણ ચાલી રહ્યું છે તેમાં આમ આદમી પાર્ટીના કાર્યકરોને નિશાન બનાવવામાં આવી રહ્યા છે. તેમના વિરુદ્ધ ખોટી FIR નોંધવામાં આવી રહી છે, તેમને હેરાન કરવામાં આવી રહ્યા છે અને જેલમાં મોકલવામાં આવી રહ્યા છે. તેમના મતે આ સમગ્ર કાર્યવાહી ગુજરાત પોલીસ દ્વારા કરવામાં આવી રહી છે અને તેની પાછળ ભાજપના નેતાઓનો હાથ હોવાનું પણ તેમણે આક્ષેપ કર્યો છે.


## વાંસદાના ખાનપુર ગામે કાર અડફેટે બાઈકચાલક યુવાનનું મોત

વાંસદાઃ વાંસદાના ખાનપુરા ગામે વાન ચાલકે ડાંગના બાઈકસવાર યુવકને અડફેટે લેતાં તેનું મોત નીપજ્યું હતું. વઘઈ તાલુકાના બોર દહાળ ગામે રહેતો રામચંદ્ર લક્ષ્મણભાઈ ભોયે (ઉં.વ.૨૦) તેને ડ્યુક બાઈક (નં. GJ15 ED 6915) લઈ ધરમપુર ગામે બાઈકનો હપ્તો ભરવા ગયો હતો અને ત્યાંથી પરત ઘરે જવા નીકળતા વાંસદા- ધરમપુર માર્ગ પર આવેલા ખાનપુર ગામે ચાર રસ્તા પર મારુતિ વાન (નં. GJ 15 PP 5254)ના ચાલક પ્રવીણ ઝીણાભાઈ પવાર (રહે., ધોલાર રાનપાડા ફળિયું, તા. ચીખલી, જિ. નવસારી) એ અડફેટે લેતાં તેને ગંભીર ઈજા થઈ હતી. યુવકને વધુ સારવાર માટે વલસાડ સિવિલમાં લઈ ગયા હતા. જ્યાં રામચંદ્ર ભોયેનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. આ બનાવ અંગે મરનારના ભાઈ સુનિલ ભોયેએ મારુતિ વાન ચાલક સામે ફરિયાદ નોંધાવી હતી.

### સુડોકુ ૧૨૮૪

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | ૮ | ૫ | ૩ | ૬ | | ૯ | ૨ | |
| ૨ | ૧ | ૩ | | ૯ | | ૮ | ૭ | |
| | ૭ | ૬ | ૨ | ૧ | ૮ | | | |
| | | ૨ | ૭ | | | | ૮ | |
| | ૩ | | | ૨ | ૧ | ૪ | | ૫ |
| | ૪ | | | | ૩ | ૨ | ૧ | |
| ૫ | | | | | | | | ૯ |
| ૭ | | | | | | ૫ | | |
| ૩ | | | ૯ | | ૨ | ૭ | | |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજી વાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.



## દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

### બાળકને અતિસાર

અતિવિષની કળી, વાળો, નાગરમોથ, સૂંઠ, ઈંદ્રજવ દરેક 20 ગ્રામ લઇ ચવ કુટ, દોદરૂં કરવું. તેમાંથી દશ ગ્રામ ચૂર્ણ એક માટીના ઘડામાં સવા લિટર પાણી સાથે ઉકળવા મૂકો. 250 મીલી પાણી બાકી રહે ત્યારે ચૂલો બંધ કરી ઠરવા દો. કપડાં થી ગાળી બોટલમાં રાખો. દિવસમાં ચાર વાર વીસ, વીસ મીલી પાવ. બપોરે થોડી મોળી છાશ આપો.

## આજનું પંચાંગ

**તા. 03/04/2026, શુક્રવાર**

**વિક્રમ સંવત :** 2082 **શાકે :** 1948
**વીર સંવત :** 2552 **માસ :** ચૈત્ર
**તિથિઃ** વદ: એકમ: 08:43, બીજ
**અયન :** ઉત્તરાયન **ઋતુ :** વસંત
**રાષ્ટ્રિય દિનાંક :** ચૈત્ર: 13 **યોગ :** વ્યાઘાત
**કરણઃ** તૈતિલ **નક્ષત્ર :** ચિત્રા: 19:25
**રાશિઃ** તુલા (ર,ત)
**દિવસ :** શુભ- ભગવાનશ્રી એકલિંગજી મહારાજનો પાટોત્સવ, ગુડફ્રાઈડે
**સુરતમાં સૂર્યોદય :** 06:32 **સુરતમાં સૂર્યાસ્ત :** 18:52
**નવકારસી :** 07:20
**પારસી વર્ષ :** 1395 આવા માસનો 22મો રોજ
**મુસલમાન વર્ષ :** 1447 શવ્વાલ માસનો 14મો રોજ
**દિવસનાં ચોઘડિયાંઃ** ચલ, લાભ, અમૃત, કાળ, શુભ, રોગ, ઉદવેગ, ચલ,
**રાત્રિનાં ચોઘડિયાંઃ** રોગ, કાળ, લાભ, ઉદવેગ, શુભ, અમૃત, ચલ, રોગ
**રાહુ કાળ :** સવારે:- 10:30 થી 12:00 સુધી

## આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

**મેષ (અ,લ,ઇ,):** દાંપત્ય જીવનમાં ઉત્સાહ અને તાલમેળ જોવા મળશે. રોજની આવક વધે. ધંધા માટે નવી યોજના પાર પડે.

**વૃષભ (બ,વ,ઉ,):** વિજાતિય આવેગ પર કાબૂ રાખવો. નોકરીમાં નવી તક ઊભી થાય. સરકારી નોકરિયાતને અનુકૂળતા રહે. ખર્ચા વધે.

**મિથુન (ક,છ,ઘ,):** પ્રેમ વિવાહની અચાનક ઓફર આવી શકે. શેર બજારમાં પ્રગતિ થાય. સંતાનોનાં કામમાં મદદ મળે.

**કર્ક (ડ,હ,):** ઘરમાં નવા ફેરફાર થાય. બહારનાં કામમાં મદદ મળે. વડીલોની મદદ વારસા બાબતે મળે. આવક વધે.

**સિંહ (મ,ટ,):** ઉત્સાહજનક સમાચાર મળે. અટકેલા કામ પાર પડે. આવક વધારવાની યોજનામાં પ્રગતિ થાય.

**કન્યા (પ,ઠ,ણ,):** ખાણી-પીણી, મોજ-શોખ- દલાલી માર્કેટીંગ જેવા કામમાં સફળતા મળે. ઘરમાં ઉત્સાહજનક વાતાવરણ રહે.

**તુલા (ર,ત,):** મન અતિક્રિયાશીલ અને રોમેન્ટીક રહે. સમાજમાં સાવધાની રાખવી. અચાનક ઈચ્છિત મુલાકાત થાય.

**વૃશ્ચિક (ન,ય,):** મોજ-શોખ માટે પ્રવાસ થાય. વિદેશનો કામમાં પ્રગતિ થાય. ધાર્મિક યાત્રાનું આયોજન કરનારને તક મળે.

**ધન (ભ,ધ,ફ,ઢ,):** સંતાનોની સમસ્યા સતાવે. પ્રેમમાં સહકાર મળે. આવક વધે. ઉચ્ચ કક્ષાના મિત્રોની મદદ મળે. મન અશાંત.

**મકર (ખ,જ,):** ધંધા-વેપારમાં નવા સોદા અને નવા આયોજન પાર પડે. સમાજમાં યશ મળે. નોકરીમાં સામાન્ય રહે.

**કુંભ (ગ,સ,શ,ષ,):** જીવન સાથીના કામમાં મદદરૂપ બનશો. ઘર પરિવારમાં ઉત્સાહજનક વાતાવરણ રહે. ધર્મ-કર્મ થાય.

**મીન (દ,ચ,ઝ,થ,):** અચાનક આવક વધારવાની યોજના પાર પડે. ગુપ્ત ભય સતાવે. સરકારી કામમાં પ્રગતિ થાય.

### કોઈ પણ સાલમાં 03 એપ્રિલે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવુ વર્ષ સંઘર્ષમાંથી નવી તકો પેદા કરનાર રહેશે. સમાજ પરિવાર નોકરી-ધંધા-વ્યવસાય વગેરેમાં હરીફોની દખલગીરી રહેશે. આર્થિક બાબતે સામાન્ય રહે. આવક વધારવાની યોજનામાં ચડતી-પડતી રહે. ટેકનોલોજીનો લાભ મળે. વિદ્યાર્થીઓને ઈચ્છીત વાતાવરણનો અનુભવ વધે. સમાજ, કાયદા, વારસા, જાયદાદ, જમીન જેવા કામમાં વડીલો મદદરૂપ બને. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં સામાન્ય રહે. વિદેશના કામ ધીમાં પડે. સંતાનોના અભ્યાસ કેરીયરમાં પ્રગતિ થાય. ઉંમરલાયકના વિવાહ થાય. નવા ઘર, વાહન મકાનની યોજના પાર પડશે. ઉઘરાણી આવી શકે છે. આરોગ્ય સામાન્ય રહે. મિત્રોની મદદ અવાર-નવાર મળતી રહે. યાત્રા- પ્રવાસ- ધર્મ-કર્મથી શાંતિ મળે. પ્રેમવિવાહમાં મદદ મળે. નવા રોકાણમાં મદદ મળે. ફેબ્રુઆરી, માર્ચ તથા નવેમ્બર ડીસેમ્બર, ગુરુ-શુક્રવાર, 3,12, 21, 30 તારીખ નવા કામ માટે અનુકૂળ રહેશે. પીળો, સોનેરી, જાંબલી રંગ ઉપયોગમાં લેતા રહેવુ. જૂન-જુલાઈ, રવિ-બુધવાર, 2,11,20,29 તારીખ નવા કામમાં ટાળવી. લાલ અને ભુરા રંગનો ઉપયોગ ટાળવો.

## હીંચકામાંથી નીચે પટકાતાં પાંચ મહિનાની બાળકીનું મોત

સુરતઃ ભેસ્તાનમાં શ્રમજીવી પરિવારની પાંચ મહિનાની બાળકીનું હીંચકાની ઝોળીમાંથી નીચે પટકાતા મોત નિપજ્યું હતું. મૂળ રાજસ્થાનના વતની વિજયભાઈ દેવડા હાલ ભેસ્તાન વિસ્તારમાં નવી બનતી રિદ્ધિસિદ્ધિ સોસાયટીમાં પરિવાર સાથે રહે છે અને ત્યાં જ કડિયા કામ કરે છે. ગુરુવારે બપોરે વિજયભાઈની 8 વર્ષની પુત્રી સ્વપ્ના પાંચ મહિનાની નાની બહેનને હીંચકા નાંખતી હતી. દરમિયાન ઝોળીના હીંચકામાંથી નાની બહેન નીચે પટકાઈ હતી અને તેની ઉપર બે ઈંટ પડતા ગંભીર ઈજા પહોંચી હતી. જેથી ઈજાગ્રસ્ત થયેલી બાળકીને સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલમાં ખસેડાઈ હતી. જ્યાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કરી હતી. બાળકીનું નામ રાખવા માટે હજી પરિવાર વિચાર કરી રહ્યા હતા. તેમજ ચાંદની નામ પણ વિચારી રાખ્યું હતું. પરંતુ બાળકીનું નામ કરણ થાય તે પહેલાં જ તેનું મોત થતા પરિવારમાં શોકની લાગણી ફેલાઈ ગઈ હતી.

જૂની પેઢીના પત્તા કપાવાના સંકેત

# ભાજપમાં ટિકિટ જોઈતી હોય તો 'ફોલોઅર્સ' લાવો

**યુવા** મતદારોને રીઝવવા ઉમેદવારી ફોર્મમાં સોશિયલ મીડિયાની વિગતો ફરજિયાત

ગાંધીનગર : ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનો જંગ જામ્યો છે ત્યારે ભારતીય જનતા પાર્ટીએ ઉમેદવારોની પસંદગી માટે હાઈટેક અને આકરા ક્રાઈટેરિયા નક્કી કર્યા છે. આ વખતે માત્ર જનસમર્થન જ નહીં, પણ ડિજિટલ સમર્થન પણ ટિકિટ મેળવવા માટે નિર્ણાયક બનશે. ભાજપે સ્પષ્ટ કર્યું છે કે 'Gen Z' (યુવા પેઢી) સુધી પહોંચવા માટે ઉમેદવારે પોતાના સોશિયલ મીડિયા ફોલોઅર્સની વિગતો ફોર્મમાં આપવી ફરજિયાત રહેશે. ડિજિટલ સેન્સઃ 'રીલ્સ' નહીં બનાવનારા પૂર્વ કોર્પોરેટરો મુશ્કેલીમાં રાજકોટ, સુરત અને વડોદરામાં શરૂ થયેલી સેન્સ પ્રક્રિયામાં ભાજપે ઉમેદવારો પાસે તેમના ફેસબુક, ઈન્સ્ટાગ્રામ અને 'X' (ટ્વિટર) આઈડી સાથે ફોલોઅર્સના આંકડા માંગ્યા છે. સરલ અને નમો એપ : દરેક દાવેદારના મોબાઈલમાં આ એપ હોવી અનિવાર્ય છે. પ્રદેશ ભાજપ તમામ ડેટાની ડિજિટલ ચકાસણી કરશે.

### ભાજપે નક્કી કરેલા માપદંડ

૧. શૌચાલય અનિવાર્યઃ ઉમેદવારના ઘરે શૌચાલય હોવું ફરજિયાત છે.
૨. ગુનાહિત ઇતિહાસઃ કોઈ પણ ફોજદારી કેસ ચાલતો હોય તો તેની સંપૂર્ણ વિગત આપવી પડશે.
૩. શિસ્ત અને ઇતિહાસઃ ભૂતકાળમાં પક્ષ દ્વારા લેવાયેલા શિસ્તભંગના પગલાં અને અગાઉની ચૂંટણીના પરિણામોની વિગતો આપવી પડશે.
૪. ટોળાશાહી પર પ્રતિબંધઃ સેન્સ પ્રક્રિયામાં સમર્થકોના ટોળા લાવવાને બદલે વ્યક્તિગત ક્ષમતા પર ભાર મુકાયો છે.

### રાજ્યભરમાં સેન્સનો ધમધમાટઃ ક્યાં શું સ્થિતિ?

- અમદાવાદઃ અમદાવાદમાં ૧૨ નિરીક્ષકોની ટીમ ૭ સ્થળો પર ૨ દિવસ સુધી દાવેદારોને સાંભળશે. કોંગ્રેસની સેન્સ પ્રક્રિયા પૂર્ણ થઈ છે જેમાં ૬૦૨ ફોર્મ ભરાયા છે.
- રાજકોટઃ બે દિવસમાં ૧૦૧૦ કાર્યકર્તાઓએ દાવેદારી નોંધાવી છે, જેમાં વોર્ડ નં. ૯ માં સૌથી વધુ ૭૯ દાવેદારો છે.